# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

વાક્ય, વર્ણન, વ્યાકરણ કંઇ ગોખવું પડતું નથી.
સાચું જે બોલે છે એણે સોચવું પડતું નથી.

શાંતિથી રાખી શકે ખુદમાં ધધકતી આગને,
તેજનું વર્તુળ એણે ઓઢવું પડતું નથી.

રોશની ચીપકાવી દે ફતવો બધી દીવાલ પર;
સૂર્યની છે ખાસિયત કે બોલવું પડતું નથી.

- હેમેન શાહ

## પાથેય

- રમેશ ઠક્કર

### બોલવાનો કસબ...

માણસને જાહેરમાં બોલવાની કે વકતવ્ય આપવાની જરૂર છાસવારે પડતી હોય છે..બોલવું એ જરૂરિયાત હોય અને ગાડું જ ગબડાવવાની વાત હોય ત્યાં સુધી બહુ વાંધો આવતો નથી..લોકો એટલા ઉદાર હોય છે..તમને નિભાવી લે..પણ જો તમે સતત સારૂં બોલતા હો તો ધીમેધીમે તમારો એક ચાહક વર્ગ ઉભો થતો હોય છે..અને એટલે જ વકતાએ સતત પોતાની વાણીને અસરકારક બનાવતા રહેવું પડે છે..એમાં પણ તમે જો વ્યાવસાયિક વકતા હો તો તમારે ઓડિયન્સની અપેક્ષાઓને બરાબર સંતોષવી પડતી હોય છે..

વાણી એ વ્યક્તિત્વનો પાસવર્ડ છે...અપરિચિત માણસ પહેલી વખત બોલે ત્યાં જ એની પરખ થઈ જતી હોય છે..એનો રણકો રોકડા રૂપિયા જેવો હોય છે..જે માણસ બોલતાં જ થોથવાઈ જાય એના માટે કહેવાય છે કે પૈસા પડી ગયા ! આપણે ગુજરાતીઓ દરેક વસ્તુને માપવા દોકડાની જ દોરી રાખતા હોઈએ છીએ..! ત્રાજવાનો તોલ હોય એમ બોલનો પણ તોલ હોય છે..જો સામાન્ય વ્યવહારમાં પણ બોલવાનું આટલું મુશ્કેલ હોય તો વકતા તરીકે એ કેટલું વિકટ હશે એ સમજી શકાય છે..

મારી દ્રષ્ટિએ વકતા એટલે કે સ્પીકર ત્રણ પ્રકારના હોય છે..૧ ફરજિયાત બોલવું પડે એવા ૨. પ્રાસંગિક બોલનારા નિજાનંદી ૩ વ્યવસાયિક વક્તાઓ..એ સિવાય એક ચોથી શ્રેણી છે જેને આપણે ત્રાસ આપનારા એમ કહી શકીએ પણ એ સ્વયં ઘોષિત સંગઠન જેવા હોય છે એટલે એમને અનિવાર્ય અનિષ્ટ ગણી નિભાવવાના હોય છે...

કેટલીક વખત કોઈ પ્રસંગે માણસે અનિવાર્યપણે બોલવું પડે..ચાલે જ નહી..તમારો વિકલ્પ જ ના હોય..દાખલા તરીકે હોદાની રીતે કે કોઈ સંસ્થાના વડા તરીકે...આવા વક્તાઓ સામાન્ય રીતે અહિંસક હોય છે. એમને સ્ટેજ ફિયર પણ હોય છે..મોટાભાગે એ સંબોધનમાં જ એમની સાર્થકતા અનુભવી લે છે..અને પછી પોતાની વાણીને વિરામ આપી દેતા હોય છે !

બીજા પ્રકારના પ્રાસંગિક બોલનારા શિયાળ જેવા ચતુર હોય છે.. એમની પાસે વક્તૃત્વ કળા હોતી નથી પણ ઘૂસણખોરીની એક અનોખી આવડત હોય છે...શરૂઆતમાં આનાકાની કરે..ખોટી નમ્રતા બતાવે, અને જયાં માઈક મળે એટલે ચોંટી જ પડે ! એમને ઉખાડવા માટેની તરકીબો કરવી પડે..વિનોદ ભટ્ટ એવા વક્તાઓ માટે કહેતા કે એમણે ગળથૂથીમાં માં ગ્રાઈપવોટર નહીં પણ માઈકવોટર પીધું હોય છે..!

શ્રોતા તરીકે આપણે આ તમામને ક્યાંકને કયાંક સાંભળવા પડતા હોય છે..ત્રીજા પ્રકારના વ્યવસાયિક વક્તા હોય છે..એ થોડુક સજજ પ્રાણી હોય છે..ચતુર પણ છે. એને ઓડિયન્સના ગામ અણગમાની તુરત ખબર પડી જાય છે..આજકાલ આવા વકતાઓની બોલબાલા છે..એમાં ઘણા પેટા પ્રકારો પણ છે..મોટીવેશનલ,ધાર્મિક,યુવાઓ માટેના,મહિલા વક્તાઓ,પેનલ વક્તાઓ વગેરે વગેરે..

ભાષણ અથવા સ્પીચમાં છટા મહત્વની છે..વકતાની બોડી લેંગ્વેજ અને આંખોની આભા કે ડ્રેસિંગ સેન્સ ખાસ કરીને પ્રોફેશનલ સ્પીકર માટે બહુ મહત્વનો ભાગ ભજવે છે..કયાં અટકી જવું અને કયારે પૂરૂં કરવું એની આજીવન વકતા હોય એવા લોકોને પણ ખબર પડતી નથી .વિરામ એ વકતવ્ય નો વૈભવ છે. ઘણા વક્તાઓ માટે લોકો સામેથી ડિમાન્ડ કરે છે..પૈસા આપીને કે સન્માન આપીને પણ બોલાવે છે..ઘણા માટે કાનાફુસી કરતાં કહેતા પણ હોય છે 'આને સહન કર્યે જ છુટકો' ! બોલવું એ રસપ્રદ ના હોય તો જલદી બોરિંગ થઈ જતું હોય છે..આવા બોરિંગ બબડાટીયા ઘણા સુજ્ઞ શ્રોતાઓના નિસાસા લેતા હોય છે..

# ચશ્મા ઉતારો ફિર દેખો યારો, દુનિયા નઈ હૈ, ચેહરા પુરાના..!

ચશ્મા એ પણ એક કરિશ્મા છે એવું કોણ માનશે ? એની શોધ ના થઈ હોત તો ? એક જમાનો હતો કે ચશ્મા પહેરતા લોકો લઘુતાગ્રંથી અનુભવતા.ચોરીછૂપીથી પહેરતા.એ ખરું કે ગોગલ્સનો જમાનો હતો.એ ફેશનની એકદમ આધુનિક ચીજ ગણાતી.આવા વિરોધાભાસો વચ્ચે ચશ્માની વિકાસયાત્રા સતત ચાલતી રહી છે.આજે તો ચશ્મા પહેરવા એટલું સહજ બની ગયું છે કે માણસના વ્યકિતત્વનું જાણે અભિન્ન અંગ બની ગયું છે.

અંગ્રેજીમાં એને જીર્ષ્ટક્રષ્ઠજ્ઞીજ કહે છે..જેનું સીધું ગુજરાતી આમ તો ચશ્મા જ, પણ ચશ્મા એટલે આપણે મન ડાબલા..હિન્દીમાં એ ઐનક અને ચશ્મા પણ...ગુજરાતીમાં એના માટે કોઈ અલગ શબ્દ નથી..એની ઉત્પતિ કે વ્યુત્પતિ જે હોય તે પણ ચશ્મા વિશે એટલું તો ચોક્કસ કહી શકાય કે એ પહેરનાર પ્રથમ નજરે તો વિદ્વાન જ લાગે છે..! ચશ્માં થકી માણસ ઠરેલ લાગે છે..

ચશ્મા એ આધુનિક શોધ છે.એક મત અનુસાર એની શોધ ઈટાલીમાં થઈ હતી આમ છતાં પ્રાચીન ભારતમાં ઘણી જગ્યાએ એનો ઉલ્લેખ જોવા મળે છે ચીની મુસાફરોના વર્ણનોમાં ભારતમાં ચશ્મા જેવી ચીજ હોવાના ઉલ્લેખો થયેલા છે આમ આધુનિક ચશ્મા એ ભલે આપણો આવિષ્કાર ના હોય પરંતુ આપણા પૂર્વજો ચશ્માની જરૂરિયાતને સમજી ચૂકેલા હતા એ વાત માં બે મત નથી.એવો? પણ? સમય હતો કે આપણા પૂર્વજો કોઈપણ પ્રકારના ચશ્માં વગર નરી આંખે દુનિયા જોતા..ફરતા..લાખોનો કારોબાર કરતા...પણ પોતાની નજરે બધું જોતા..આપણે જાતજાતના ચશ્માંથી જગત જોતા રહીએ છીએ..પણ એમાં ચશ્માનો શું વાંક ? બીજાના વિચારોથી જીવવું એટલે એમ કહી શકાય કે બીજાના ચશ્માથી જગત જેવું માણસ પોતે જ પોતાની રીતે વિચારતો થાય તો એણે યોગ્ય ચશ્મા પહેર્યા છે એમ કહી શકાય.. પરંતુ આ તો એક સાહિત્યિક વાત થઈ હકીકત એ છે કે ચશ્મા એ માણસની જરૂરિયાત સ્વરૂપે આપણા અસ્તિત્વ સાથે જોડાઈ ગયા છે.વાંચન, લેખન,ટી.વી.,સિનેમા,અને આજના આધુનિક સોશિયલ મીડિયાના જગતમાં માણસ આંખો પાસેથી અવિરત કામ લે છે.એના પરિપાકરૂપે ચશ્મા અનિવાર્ય બનૂતા જાય છે.



સંવેદનનું સ્ટેટસ
રમેશ ઠક્કર

મહાત્મા ગાંધી ની દોરી સાથેનો ગ્લાસ હોય એવાં ચશ્મા કેડ? ઉપર લટકાવીને રાખતા..વાંચતી વખતે એનો? ઉપયોગ કરતા. એવું આપણે તસવીરોમાં જોયું છે. એક જમાનામાં સુખી ઘરના લોકો આવાં ચશ્મા રાખતા.જે ફેશનની સાથે "સ્ટેટસ સિમ્બોલ" જેવું પણ ગણાતું.કવિ 'કલાપી'ની આંખો અત્યંત નબળી હતી..એ આવા ચશ્મા થકી જ પુષ્કળ ગ્રંથો વાંચતા..પુસ્તક અને આંખો વચ્ચે એ બિલોરી કાચ રાખતા અને એકધારું વાંચતા...ચશ્માનું એ પગરણ હતું, બચપણ હતું....મેગ્નીફાઈંગ ગ્લાસ એ જમાનામાં ચશ્માની ગરજ સારતો..એ પછી ગાંધીજી કમરે લટકાવતા એવા ગ્લાસ આવ્યા..જે ગોળ દાંડીવાળાં ચશ્માં સ્વરૂપે ગાંધીયુગમાં જોવા મળતાં ચશ્માં બન્યાં..કાકાસાહેબ કાલેલકર અને ઠકકરબાપાની ચશ્મા પહેરેલી તસવીરો જાણીતી છે..ક.મા.મુનશીના 'રાજહંસ'જેવા નાક ઉપર શોભતાં ચશ્મા અવર્ણનીય છે.. એ વખતે ચશ્મા જરીક ઠરીઠામ થયાં હોય એવો એ સમયગાળો હતો.

આજે તો એ જરૂરિયાત બની ગયાં છે..ગોગલ્સ એ શોખ અને આનંદનો પર્યાય છે..ચશ્માં દૂરનાં પણ હોય અને નજીકનાં પણ હોય ..શરુઆતમાં એ મોટાં ગોળમટોળ જોવા મળતાં..ધીમેધીમે એ 'સ્લીમ' બનતાં ગયાં અને આજે તો દાંડી વગરનાં પતંગીયા જેવાં હળવાફૂલ ચશ્મા પણ મળે છે..જે ફકત નાકની ઉપર વચ્ચે મુકી દેવાનાં...ખબર જ ના પડે કે આપણે ચશ્માધારી છીએ..!

છઠ્ઠા ધોરણમાં હું મારા માસીને ત્યાં ભણતો ત્યારે પ્રથમવાર મેં એક એવી છોકરી જોઇ જે ચશ્મા પહેરતી હોય..! કામલપુર ગામમાં કાળાં ચશ્મામાં કોઈ જોવા મળતું તો એ મોતીયાના ઓપરેશનનું કોઇ દર્દી જ હોય..એ સિવાય કોઈ ચશ્માધારી હોઈ શકે એ વાત મારી કલ્પના બહારની હતી...મારા માસા પણ નજીકનાં ચશ્મા પહેરતા અને એમના નાના ભાઈ સરસ ગોગલ્સ પહેરતા..પણ ચશ્માની આટલી વિવિધતા હોય એ મારે મન અચરજ હતું... હગામડામાં ઉછરેલી કોઈપણ વ્યકિત માટે ચશ્માની આ વિકાસયાત્રા હંમેશા વિસ્મયકારક રહી છે.

મારી ભણવાની સફર આપણા જાણીતા લેખક પન્નાલાલ પટેલ જેવી જ હતી..સાતમા ધોરણમાં અમદાવાદની નાનકડી શાળામાં મેં પ્રવેશ મેળવ્યો ત્યારે મારાં જાજરમાન કલાસટીચર આકર્ષક ફ્રેમવાળાં ચશ્મા અલપઝલપ કાઢી મોહક અદામાં વાત કરતાં એ અચરજ જ લાગતું..ચશ્મા પડી ના જાય એ માટે દોરીથી એ લટકેલાં રાખતાં ..આ બધા વિસ્મયોથી મન હજું પ્રભાવિત જ હતું ત્યાં મને પણ ક્રમશઃ આંખે ઝાંખું દેખાવાની શરૂઆત થઈ ગઈ હતી..સાતમા ધોરણની વાર્ષિક પરીક્ષા પહેલાં તો આંખો સામે અવનવાં કુંડાળાં દેખાવા લાગ્યાં. અને આંખના ડૉકટરે નિદાન કર્યું કે આંખે નંબર છે..ભણવામાં પ્રથમ નંબર લાવનાર મારા જેવા વિદ્યાર્થી માટે આ નંબર નવી વાત હતી..અને આપણે પણ ચશ્માધારી બની ગયા.. શરૂઆતમાં ચશ્મા પહેરવામાં લઘુતાગ્રંથિ અનુભવાતી.પરંતુ અમદાવાદ જેવા મોટા શહેરમાં અનેક શિક્ષકો,પ્રોફેસરો,અને મોટા વ્યાવસાયિકો ને એ સહજ રીતે ધારણ કરતા એ ધીમે ધીમે ચશ્મા પહેરવા સહજ બની ગયું.

રાધનપુર હાઈસ્કુલમાં ઠાકોર સાહેબ નામે વિદ્વાન સાહેબ હતા જે ભણાવતાં ભણાવતાં ચશ્મા કાઢે અને સહજ પાછા પહેરી અસ્ખલિત રીતે અંગ્રેજી શીખવતા..એમની એ અદા ચશ્માને એક અનેરી ઉંચાઈ આપતી..એમની પાસે અંગ્રેજી શીખવું એ પણ લ્હાવો હતો..એમ તો મને સૌ પ્રથમ ગોલ્ડન ફ્રેમનાં ચશ્મા લઈ આપનાર મારા સ્વર્ગસ્થ બનેવી પણ જયારે ગોગલ્સ પહેરતા ત્યારે કોઈ અદાકારથી જરા પણ કમ ના લાગતા..એ જાતજાતનાં ગોગલ્સ રાખતા..દરેકમાં એ શોભતા..ઓછું જીવનાર વ્યકિત ઘણી રીતે અનોખી હોય છે એવું નથી લાગતું?

ચશ્મા હવે તો મારાં સુખદુઃખનાં સાથી છે..હમણાં કબાટ ખોલતાં અનેક જુનાં ચશ્મા ની જોડ મળી આવી..જે મને તો આપ્તજનો જેવી જ લાગી .કેમ કે એ બધાની આંખે મેં કોઇ ને કોઇ તબકકે દુનિયા જોઇ હતી..જે ચશ્મા પહેરીને મેં કલાસ વન ઓફિસર માટેનો સફળ ઈન્ટરવ્યુ આપ્યો હતો એને હું મોંઘેરી મૂડીની જેમ સાચવતો..આવી તો ઘણી યાદો છે..! એ માટે કદાચ આત્મકથા લખવી પડે..

ચશ્મા પહેરનાર હંમેશાં સીધું જ જુએ છે એવું પણ કહેવાય છે...એટલે કયારેક ભટકાઈ જવાના ચાન્સ પણ ખરા..! ઉંધા ચશ્માથી દુનિયા જોવાની પણ મજા છે..કોઈકના ચશ્મા થી જગત જોવાની ટેવ સારી નથી એવું પણ કહેવાય છે..!

મને ઘણીવાર થાય છે કે આટલો ભવ્ય ઈતિહાસ હોવા છતાં ગુજરાતી સાહિત્યમાં ચશ્મા વિશે કોઈ માતબર કૃતિ કેમ મળી નથી ? 'તૂટ્યાં ચશમા, કિલપને વળી બાલદી કૂખ કાણી.." એવું "જુનું ઘર ખાલી કરતાં" કાવ્યમાં વર્ણન આવે છે પણ એમાં ચશમા કેન્દ્રસ્થાને નથી..ચંદ્રકાંત બક્ષીની નવલકથાના નાયક મોટેભાગે ચશ્માવાળા હોય છે..એમની પોતાની આંખો પણ નબળી હતી છતાં એ આંખોથી જોવાયેલી સૃષ્ટિ "લીલી નસોમાં પાનખર" કે "આકાશે કહયું " જેવી સબળ હતી...! હવે મને ચશ્મા પહેરેલી છોકરી અજાયબ નથી લાગતી .કયારેક એવું પણ થાય કે એ મારી વાર્તાની નાયિકા બને તો કેવું સારૂં ? કયાંથી કયાં લઈ જાય છે આ ચશ્માં...સાચે જ મને તો હવે એ આપ્તજન જેવાં લાગે છે...

# આપણી ધરતી, સંસ્કૃતિને સંસ્કારોની સંવેદનાસભર વાત્યું ને ગીતોથી ભર્યો ભર્યો 'ડાયરો' : જાણીતા યુવા કલાકાર જીતુદાન ગઢવી ને સાથીઓએ 'શિવરંજની'ના કાર્યક્રમમાં રેલાવી રમઝટ

એકદમ આપણો મનગમતો કાર્યક્રમના હોય એટલે 'આમાં મજા નહીં જ પડે! બેસાય એટલું બેસીસું, નહીં તો નીકળી જઈશું !!' એવી માનસિકતા ને નિર્ણય સાથે ગયા હોઈએ પણ કાર્યક્રમમાં એવી 'મોજ' આવી જાય કે 'હજી થોડું વધઆરે સાંભળીએ - માણીએ' કરતાં છેક સમાપન સુધી ઊઠવાનું મન ના થાય તો એ કાર્યક્રમની સફળતા અને કલાકારોની પ્રસ્તુતિનો જાદુ જ કહેવાય ને !

હમણાં - મહાશિવરાત્રીએ શિવરંજની, ગાંધીનગર આયોજિત 'ડાયરો'માં લોકસાહિત્યના ઊંડા અભ્યાસી અને લોકસંગીતના નિવડેલા ગાયક એવા જીતુદાન ગઢવીએ લોકસંગીત ને સાહિત્યની 'રમઝટ' બોલાવીને, સૌને 'મોજે દરિયા'માં નવાડાવ્યા. લોકસાહિત્યમાં ઊંચું ને મોખરાનું નામ નામ એવા પદ્મશ્રી કવિ દાદના દીકરા જીતુદાનભાઈએ વિણા વાદિનીને શ્વેત વસ્ત્રધારી મા સરસ્વતીની વંદનાથી પ્રારંભ કરીને પોતાના ઘેઘુર બુલંદ કંઠનો પરિચય તો સૌને કરાવી જ દીધો પણ પછી કાગ બાપુ, મેઘાણી ને કવિ દાદની પ્રસિદ્ધ રચનાઓ રજૂ કરીને ઉપસ્થિત સૌને સંવેદના, શૂરવીરતા, ભક્તિ, પ્રકૃતિના ભાવમાં ભીંજવી દીધા હતા.... કવિ દાદની જાણીતી રચના 'કાળજા કેરો કટકો મારો ગાંઠથી છૂટી ગ્યો... મમતા રૂએ જેમ વેળુમાં વિરડો ફૂટી ગ્યો....' હોય કે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીજીની કૃતિ 'મન મોર બની થનઘાટ કરે....' હોય, જીતુદાનભાઈએ લોકસાહિત્યના સાગરમાંથી વીણી લોલી હૃદયસ્પર્શી વાતો કરતાં કરતાં બંને રચનાઓ એવી સરસ ગાઈ કે હોલમાં 'વાહ... બાપલા વાહ.... ' થઈ ગયું...

'લોકસાહિત્ય એટલે આપણી ધરતી, સંસ્કૃતિને સંસ્કારોની વાતો અને ડાયરામાં આ જ વાત્યું અમે માંડતા હોઈએ છીએ....' એવી પૂર્વભૂમિકા સાથે જીતુદાનભાઈએ કાર્યક્રમના શ્રી ગણેશ કર્યા...અને કહ્યું કે 'ડાયરો - લોકસંગીત બહુ સરસ છે....' પણ પાછું એમે ય કે 'લોકસંગીતની બેવડી મજા છે... એમાં કાવ્ય વૈભવ' છે ને 'નાદ વૈભવ' પણ છે..... જે કાવ્ય વૈભવ (મતલબ ચારણી છંદ જ સ્તો) ન માણી શકે એ એનો નાદ વૈભવ તો જરૂર માણી શકે છે..... બંને આસ્વાદી શકે એની મજાનું તો શું કહેવું ? .... ને સાચી વાત છે.... કાર્યક્રમમાં જયારે જયારે નદી, સિંહ, ગજાનન ગણપતિ ને મા આદ્ય શક્તિનો મહિમા બહુ ઝડપથી એક શ્વાસે ગવાતા ચારણી છંદ ગીતોમાં ગવાયો ત્યારે ભલે પૂરી સમજ નહોતી પડી પણ એનો તાલ-લય - એટલે કે 'નાદ વૈભવ' જુસ્સો જગાવી જતો ને ચિત્તને આનંદિત કરતો એ નક્કી...

'શબ્દ શોધો ને આખી સંહિતા મળે, કૂવો ખોદોને સરિતા નીકળે, મહાભારત વાવોને ગીતા નીકળે....' એવી સમૃદ્ધ આપણી ભાષા છે એમ કહીને ગુજરાતી ભાષાને લોકસાહિત્યનું ગૌરવ કરી, જીતુદાનજીએ દાદના કન્યા વિદાયના ગીતની વેદના સાથે કવિ અનિલ જોશીની રચનાને પણ યાદ કરી, વાતાવરણ કરુણાથી ભરી દીધું.... કવિ દાદની બીજી લોકપ્રિય રચના, 'ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાઉં....' ની પ્રસ્તુતિ સાથે લોકસાહિત્યમાંથી પાળિયાઓની ને લડવૈયાઓની, સમાજ - દેશ માટે બલિદાન દેનારાઓની વાતો ગૂંથી લઈ.... 'ઘણ ધીંગાણે જેમાં માથાં મસાણે એના પાળિયા થઈને પૂંઝાવું રે ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાઉં....' ની જમાવટભરી રજૂઆતથી શ્રોતાઓ ખુશ થઈ ગયા હતા....

તો આ 'ડાયરા' ના સાથી કલાકારો ભરતદાન ગઢવીએ પણ એમના આગવા અંદાજમાં હાસ્યની રસ લ્હાણ લૂંટાવી હતી.... ભરતદાન ભાઈ પોલીસ ખાતાના કર્મચારી હોવાથી એમણે પોલીસ, પ્રજા, પોલીસ અમલદાર વિશેની નાની નાની પણ મોટી મજા પડે રમૂજો રેલાવી હતી.... જેમ કે કોઈ કે પોલીસને પૂછ્યું કે 'સામેથી ઉશ્કેરાયેલ બસો લોકોનું ટોળું આવે તો તમે કેવાં પગલાં ભરશો ?' પોલીસે કહ્યુ કે 'ઝડપી ને લાંબા પગલાં....' (ત્યાંથી પલાયન થઈ જવાનાં) ૨૦૦૧માં કચ્છમાં ભૂકંપ આવ્યો ત્યારે મારું પોસ્ટીંગ કચ્છમાં.... આ કુદરતી આફત હતી તોય અમારો પોલીસનો જવાબ લેવાયો. 'ધરતીકંપ આવ્યો ત્યારે તમે કયાં હતા...'કહ્યું 'ત્યાં જ હતા....''શું જોયું છે ?' 'બધું ધ્રૂજતું હતું....' લોકો શું કરતા હતા ? 'ભાગમભાગ' 'તમે શું કર્યું ?' અમે ય ભાગતા હતા બોલો..... પોલીસ ભાગે નહીં તો શું ધરતીકંપને રોકવા જાય ? ને એનો રોકાયો એ રોકાયો ખરો?

પોલીસ અધિકારી થાકી ગયેલા એટલે એમની ચેમ્બરમાં આરામ કરતા હતા... બહાર પોલીસમેનને કહી રાખેલું કે હમણાં કલાક કોઈને ય અંદર આવવા ના દઈશ... આવનાર ગમે તે હોય ને ભલે કહે કે હું સાહેબનો ખાસ છું તો ય નહીં.... થોડીવારમાં સાહેબનાં પત્નીને અચાનક કામ પડ્યું તે આવ્યાં... પોલીસે કહ્યું હમણાં તમે અંદર નહીં જઈ શકો... સાહેબ પત્નીએ કહ્યું : હું એમની પત્ની છું... તો પોલીસવાળાએ ફટ દઈને સંભળાવ્યું : અહીં આવનારા બધા એવું જ કહેતા હોય છે....' કંઈ કેટલી રમૂજી વાતો પછી 'અમે પોલીસ ખાતામાં ભરતી થયા ત્યારે શરુઆતમાં વહેલા ઊઠવાનું ને કસરત કરવાની, દોડવાનું બધું અઘરું પડતું.... અમારામાંના એકે કહ્યું, 'અહીં તો મજા નથી આવતી...' તો એ સાંભળી ગયેલા અમારા સાહેબે ત્રાડ પાડીને કહ્યું, ' નહીં જ આવે....અહીં મજા નહીં જ આવે..... પોલીસખાતામાં તો તમારે મજા ગોતી લેવી પડશે !' જે કામ કરતા હોઈએ એમાં મજા ગોતવાથી કંટાળો નથી આવતો એવી ઊંડી અર્થસભર વાતો પણ ભરતદાનભાઈએ રજૂ કરી હતી....



ટહૂકાર
પ્રકાશ લાલા

મહાશિવરાત્રી હતી એટલે રાતના બાર વાગતાં તો જીતુદાન ગઢવીએ 'કૈલાસ કે નિવાસી નમું બાર બાર હું, આયો શરણ તિહારે, પ્રભુ તાર તાર તું...' એ દેવાનો દેવ મહાદેવની સ્તુતિનું ભજન ઉપાડી ભક્તિપૂર્ણ માહોલ રચી દીધો ને સાથે જ 'નગર મેં જોગી આયા, યશોદા કે ઘર આયા.... સબસે બડા તેરા નામ, તેરા નામ ભોળેનાથ...' ની ઝમકદાર રજૂઆત થકી સૌને શિવભક્તિના રંગમાં રંગી દીધા હતા....

લોકસાહિત્ય ને લોકસંગીતના મહાસાગરમાંથી મંથન કરીને મર્મભરી - સંવેદનાસભર વાતોની રજૂઆત થકી ત્રીજા કલાકાર મનહરદાન ગઢવીએ કાર્યક્રમને રસપૂર્ણ રીતે આગળ ધપાવવામાં સુંદર સહયોગ કર્યો હતો....

એ રાત્રે નગરની બીજી કલાસંસ્થા 'સંસ્કૃતિ'ના ઉપક્રમે પ્રસિદ્ધ યુવા કલાકારો પ્રહર વોરા ને કલ્યાણી કોઠાળકરનો સુગમ સંગીતનો પણ સરસ કાર્યક્રમ હતો.... ત્યાં જઙ જતાં, 'શિવરંજની' ના 'ડાયરો'માં જવાનું શરુઆતમાં ભૂલ ભર્યું લાગેલું પણ 'શિવરંજની'ના સુવર્ણજયંતિ વર્ષના આ ચોથા કાર્યક્રમને માણ્યા પછી એ ભૂલનો બહુ અફસોસ ન રહ્યો...

એ માટે રસસભર 'રમઝટ' બોલાવનાર જીતુદાન ગઢવી અને સાથીઓને અઢળક અભિનંદન... સાથે જ મજાના કલાકારોને લઈ આવવામાં 'શિવરંજની' ને મદદ કરનાર સંસ્થાના કારોબારી સભ્ય એવા મનહરદાન ગઢવીને તથા સંગીતના વિવિધ સ્વરુપો પૈકી લોકસંગીતનો કાર્યક્રમ આપવા માટે 'ટીમ શિવરંજની'ને અભિનંદન.

# જ્યાં સુધી હૃદયમાં સેવા અને સદભાવનાઓ ન જાગે ત્યાં સુધી પૂજા-પાઠ અધુરા છે

તેરમા સૈકામાં લોકોને વિઠ્ઠલભક્તિ તરફ વાળવા માટે જે સંતો થઈ ગયા તેમાં સંત જ્ઞાનેશ્વર મોખરે છે. ભૌતિક દરિદ્રતા પણ ઈશ્વરભક્તિથી સમ્રુધ્ધ એવા પિતા વિઠ્ઠલપંત અને રૂક્ષ્મણીનું સંતાન એટલે જ્ઞાનેશ્વર. પિતાએ પોતાના ચાર સંતાનોના નામ આત્મસાક્ષાત્કાર માટેના જે ચાર તબક્કાઓ છે તે પ્રમાણે નિવૃતિનાથ, જ્ઞાનદેવ, સોપાનદેવ અને પુત્રીનું નામ મુક્તિબાઈ રાખ્યા. વિઠ્ઠલપંતે સ્વામી ગૈનીનાથ પાસેથી પોતે પરણેલા નથી તેવું કહી દિક્ષા લીધી પણ વાસ્તવમાં તેઓ પરણેલા હતા આ ખબર સ્વામીજીને પડતાં વિઠ્ઠલપંતને પાછા સંસારમાં મોકલવામાં આવ્યા....આમ, આશ્રમ ધર્મની મર્યાદાનું ઉલ્લંઘન કરી ઘણું મોટુ પાપ તો કર્યુ હતું તે તેઓ જાણતા હતા પરંતુ ગુરૂ પ્રત્યે નિષ્ઠા ભક્તિ પણ તેમણે નિભાવી. વિઠ્ઠલપંત ધર્મની મર્યાદાના ઉલ્લંઘનની સજા રૂપે પ્રાયશ્ચિત કરવા તૈયાર થયા પણ સમાજે તેમને ન સ્વિકાર્યા. પંડિતો અને ધર્માચાર્યોએ વિઠ્ઠલપંતના સંતાનોને યજ્ઞોપવીતની અનુમતિ ન આપી. પોતાને લીધે સંતાનોને ભોગવવો પડતો દંડ તેમના માટે અસહ્ય થઈ પડ્યો. આ ગયો. આવી સમાજવ્યવસ્થાથી વ્યથિત થઈ પ્રયાગમાં ત્રિવેણી પ્રવાહમાં સમાધિ લીધી. પત્નિ રૂક્ષ્મણીને આ ખબર પડતાં આવા દુન્વયી સમાજમાં પતિ વગર રહેવાનું યોગ્ય ન લાગતાં તે પણ પતિને અનુસર્યા. ચારે બાળકો અનાથ થઈ ગયાં. નજીકના સંબંધીઓએ મુખ ફેરવી લીધું. ભીખ માંગવાનો વારો આવ્યો. મોટા પુત્ર નિવૃતિનાથને જોતાં સ્વામી ગૈનીનાથ સમજી ગયા કે આ તો મારા શિષ્ય વિઠ્ઠલપંતનું સંતાન છે તેથી તેને સદમાર્ગે વાળવા મંત્રાદિક્ષા આપી ધર્મશાસ્ત્ર અને અન્ય વિષયોનું જ્ઞાન આપવા લાગ્યા. નિવૃતિનાથે ઘરે આવી બધા ભાઈઓ અને બહેનને દીક્ષા આપી. આમ, મોટા ભાઈ નિવૃતિનાથ એ બધાના ગુરુ બન્યા. ધર્મશાસ્ત્રની શિક્ષા પામી જ્ઞાનેશ્વર પોતાના નગર પાછા આવી મહાપંડિતને પોતાના દ્વિજત્વના અનાધિકારની ચર્ચા કરતાં એવા ગંભીર અને તાર્કિક પ્રશ્નો પૂંછયા જેના જવાબો આપવા માટે મહાપંડિત મુંજાયા. અન્ય પંડિતો, મહંતો ને પુરોહિતોએ શાસ્ત્રો ઉથલ-પાથલ કરી જોયાં પણ સંત જ્ઞાનેશ્વરના પ્રશ્નોના કોઈ જવાબ ના આપી શક્યા. ત્યારે જ્ઞાનેશ્વરે યજ્ઞોપવીત અને પૂજા-પાઠનો વિચાર છોડી પોતાના વાસ્તવિક ધર્મનું પાલન અને પ્રભુ ભજન કરવાનું કહેતાં પુરોહિતો ખિજાઈ તેમની મજાક ઉડાડવા લાગ્યા. પણ જ્ઞાનેશ્વર પોતાના વિચારો પર દ્રઢ રહ્યા અને મૂઢ પુરોહિતોની મજાક અને પ્રશ્નોના સચોટ જવાબો આપી તેમની સાથે તર્ક કરવાનું છોડયું અને કહ્યું કે પૂજા-પાઠ ત્યાં સુધી અધૂરા છે , જયાઅં સુધી હ્ર્દયમાં સેવા અને સદભાવનાઓ ન જાગે. આમ, તેમની નીચે પડેલા લોકો પ્રત્યેની સહાનુભૂતિ અને એમને ઉંચા ઉઠાવવા માટે સહયોગ આપવાની ભાવનાને કારણે તેઓ તે વખતની સ્થિતિને બદલવામાં સફળ રહ્યા. તેઓએ પ્રતિપાદિત કર્યું કે ધર્મ અને ઈશ્વર ઉપરનો વિશ્વાસ જ બધા સુખોનું કેન્દ્ર અને કષ્ટ નિવારણમાં સહાયક બને છે.

જ્ઞાનેશ્વરે માત્ર પ્રવચનો કે ઉપદેશથી જ નહીં પણ લેખની અને ક્રિયાઓ દ્વારા ધર્મનો પ્રચાર કર્યો. પોતાના ગુરૂ એવા મોટાભાઈ નિવૃત્તિનાથની આજ્ઞાથી માત્ર ૧૫ વર્ષની ઉંમરે ગીતા ઉપરનું ભાષ્ય ૯૦૦૦ જેટલી ઓલી (કડી)ઓમાં સૌપ્રથમ મરાઠીમાં ભાષાંતર કર્યું. તે કડીઓને સચ્ચિદાનંદ નામના તેમના અનુયાયીએ અક્ષરદેહ આપ્યો તે "ભાવાર્થદીપિકા" જે "જ્ઞાનેશ્વરી ગીતા" તરીકે પ્રખ્યાત છે. આમ, જગતમાં જ્ઞાનેશ્વર જેવા ભકતો થયા તેથી આપણા જેવા અનધિકારી લોકોને પણ ગીતા મળી.



ઉજળો વારસો
સતીષ ચારણ
sscharan_aaa@yahoo.co.in

નામદેવ, નરહરિ સોનાર અને ગોરા કુંભાર જેવા તે જમાના સંતો જ્ઞાનેશ્વરના અનુયાયી બન્યા. અમરત્વની અનુભૂતિ કરાવતુ 'અમૃતાનુભવ ' જેમાં પોતાના ભાઈ-બહેનના નામના અર્થનું સુંદર વર્ણન કરેલ છે. અહંકારી યોગી ચાંગદેવનું ગર્વહરણ કરવા માટે ઉપદેશપત્ર સ્વરૂપે લખાયેલ 'ચાંગદેવ પાસષ્ઠિ' , અભંગો વગેરે પુસ્તકો આજે પણ આધ્યાત્મિક સાહિત્યની અમૂલ્ય સંપદા માનવામાં આવે છે. 'હરિપથ ' પણ મહારાષ્ટ્રમાં વારકરિ સંપ્રદાય માટે બાઈબલ સમાન છે. આશરે સાતસો વર્ષ પહેલાં આવા અમર અને સૌંદર્યસભર ગ્રંથોની રચના કરી જે માનવીય બુધ્ધિ માટે એક પડકારરૂપ છે. આ મહાન જ્ઞાની સંતે તે વખતે ૨૧ વર્ષની ઉંમરે સને ૧૨૯૬ ની કારતક વદ તેરસે પુણેથી તેર માઈલ દૂર આળંદી ગામે જીવતી સમાધિ લીધી તે ગામને લોકો ' દેવાંચી આળંદી' કહે છે. સંત જ્ઞાનેશ્વરના ઉપદેશો અને વ્યક્તિત્વ એટલા માટે પ્રચલિત થતા હતા કેમ કે તેમણે પોતાને તથા મસ્તિષ્કને જ નહીં વ્યવહાર અને હૃદયને પણ સાધ્યું હતું. સુલ્તાન જલાલુદ્દીન ખીલજીએ પણ જ્ઞાનેશ્વરની તેજસ્વી વાણી, અગાધ જ્ઞાન અને આદર્શ વ્યકિતત્વથી પ્રભાવિત થઈને હિંદુ ધર્મ પર લગાવેલ બધાં જ પ્રતિબંધો હટાવી દીધા હતા અને બધાં લોકોને પોતપોતાના ધર્માનુસાર ઉપાસના કરવાની છૂટ આપી હતી. વારકરિ સંપ્રદાયના પ્રચારમાં સંત જ્ઞાનેશ્વરનો અમૂલ્ય ફાળો છે. આ સંપ્રદાયના ભક્તો તેમને ' માઉલી 'ના હુલામણા નામથી સંબોધે છે.

(મો.) ૯૪૨૮૨ ૧૯૦૩૧